# ઈન્ડિગો કટોકટી : નવદંપતી પોતાના જ રિસેપ્શનમાં હાજરીથી વંચિત

**23** નવેમ્બરે ભુવનેશ્વરમાં લગ્ન કરનાર દંપતિ ફલાઇટ રદ થતાં નિર્ધારિત સમયે પોતાના રિસેપ્શનમાં પહોંચી ન શકતા વીડિયો કોન્ફરન્સિંગ વડે મહેમાનોને આવકાર્યા



હુબલી, તા. 05 (પીટીઆઇ) : કર્ણાટકના હુબલીમાં એક લગ્નના રિસેપ્શન સમારંભમાં અણધાર્યો વળાંક આવ્યો જ્યારે ઈન્ડિગોની સામૂહિક ફ્લાઈટ રદ થવાને કારણે એક નવપરિણીત યુગલે 1,400 કિમી દૂર ફસાવાના કારણે પોતાના જ રિસેપ્શનમાં ઓનલાઇન હાજરી આપવી પડી હતી.

બેંગલુરુના સોફ્ટવેર એન્જિનિયરો હુબલીની મેઘા ક્ષીરસાગર અને ઓડિશાના ભુવનેશ્વરના સંગમ દાસના લગ્ન 23 નવેમ્બરના રોજ ભુવનેશ્વરમાં થયા હતા અને 3 ડિસેમ્બર, બુધવારના રોજ હુબલીના ગુજરાત ભવન ખાતે તેમનું રિસેપ્સન રાખવામાં આવ્યું હતું.

આ દંપતીએ 2 ડિસેમ્બરે હુબલી પહોંચવા માટે બેંગલુરુ થઈને કનેક્ટિંગ ફ્લાઈટ બુક કરાવી હતી. જોકે, 2 ડિસેમ્બરે વહેલી સવારે ફ્લાઈટમાં વિલંબ શરૂ થયો અને રાત સુધી ચાલુ રહ્યો હતો. 3 ડિસેમ્બરના વહેલી સવારે, દંપતીને ખબર પડી કે તેમની ફ્લાઈટ અચાનક રદ કરવામાં આવી છે , જેના કારણે તેમની પાસે કોઈ વૈકલ્પિક મુસાફરીનો વિકલ્પ રહ્યો નથી. આ તરફ હુબલીમાં મહેમાનો પહેલેથી જ ભેગા થયા અને વ્યવસ્થાઓ થઈ ગઈ હતી, તેથી પરિવારે સમારંભ આગળ વધારવાનું નક્કી કર્યું હતું. તે પછી કન્યાના માતા-પિતાએ દંપતી માટેની અનામત બેઠકો પર બેસીને પરંપરાગત વિધિઓ કરી, જ્યારે મેઘા અને સંગમે વિડિઓ કોન્ફરન્સિંગ દ્વારા મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

## ઈન્ડિગોની ફ્લાઈટો રદ થવાનો મુદ્દો રાજ્યસભામાં ઉઠ્યો

**કોંગ્રેસના** સાંસદે મુસાફરોની હાલાકીનું વર્ણન કર્યું

નવી દિલ્હી, તા. 5(પીટીઆઈ): છેલ્લા બે દિવસમાં ઈન્ડિગો દ્વારા આશરે 500 ફ્લાઈટ્સ રદ કરવાનો મુદ્દો શુક્રવારે રાજ્યસભામાં ચર્ચા માટે આવ્યો હતો, જેમાં કોંગ્રેસના સભ્ય પ્રમોદ તિવારીએ એરલાઇનના એકાધિકાર અને સંસદસભ્યો અને સામાન્ય નાગરિકો પર તેની અસર અંગે ચિંતા વ્યક્ત કરી હતી. શૂન્ય કલાક દરમિયાન આ મુદ્દો ઉઠાવતા, તિવારીએ કહ્યું કે ફ્લાઈટો રદ થવાથી ઘણા સાંસદોને અસર થઈ છે જેમણે સપ્તાહના અંતે મુસાફરીની યોજના બનાવી હતી. એક મુદ્દા પર, ઘણા લોકો ચિંતિત છે, અને તમે પણ મારી સાથે સંમત થશો. એક એરલાઇન, ઈન્ડિગોએ ગઈકાલે (ગુરુવાર) અને તેના આગલા દિવસે (બુધવાર) 500 ફ્લાઈટ્સ રદ કરી છે. હું વર્તમાન મુદ્દો ઉઠાવી રહ્યો છું (જે બધાને લાગેવળગે છે) એમ તિવારીએ કહ્યું હતું. તેમણે ધ્યાન દોર્યું કે ઘણા સભ્યોએ શુક્રવારે ઘરે પાછા ફરવા અને સોમવારે પાછા ફરવા માટે ફ્લાઈટ્સ બુક કરાવી હતી, પરંતુ હવે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. એક એરલાઇનના એકાધિકારને કારણે સમસ્યા ઊભી થઈ છે. હું તમારા દ્વારા પ્રભારી મંત્રીને વિનંતી કરવા માંગુ છું કે જેમણે આ નિયમ બનાવ્યો છે જેના કારણે સમસ્યા ઊભી થઈ છે, અને ગૃહને જાણ કરો કે સમસ્યા ક્યારે ઉકેલાશે. શું સરકાર કોઈ પગલાં લઈ રહી છે? એમ કોંગ્રેસના સાંસદે પૂછ્યું. ચિંતાઓનો જવાબ આપતા, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ ગૃહને ખાતરી આપી હતી કે સરકાર આ બાબત પર ધ્યાન આપી રહી છે.

## ઈન્ડિગોનો ફિયાસ્કો સરકારના મોનોપોલી મોડેલનું પરિણામ : રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા. 5(પીટીઆઈ) કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે આરોપ લગાવ્યો કે ઈન્ડિગોનો ફિયાસ્કો ભાજપની આગેવાની હેઠળના કેન્દ્રના એકાધિકાર મોડેલની કિંમત છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતમાં દરેક ક્ષેત્રમાં વાજબી સ્પર્ધા જરૂરી છે, મેચ ફિક્સિંગ મોનોપોલી નહીં. ઈન્ડિગો દ્વારા ગુરુવારે 550 થી વધુ અને શુક્રવારે 400 થી વધુ ફ્લાઈટ્સ રદ કરવાને પગલે, સેંકડો મુસાફરોની મુસાફરી યોજનાઓને વિક્ષેપિત થવાને પગલે, ગાંધીએ કહ્યું કે સામાન્ય ભારતીયો વિલંબ, રદ્દીકરણ અને લાચારીના સ્વરૂપમાં કિંમત ચુકવી રહ્યા છે. ઈન્ડિગોનો ફિયાસ્કો આ સરકારના મોનોપોલી મોડેલની કિંમત છે. ફરી એકવાર, તે સામાન્ય ભારતીયો છે જે કિંમત ચૂકવે છે.

## નીરવ મોદીને યુકેમાં બીજી જેલમાં ખસેડાતા કેસ ચલાવવામાં અડચણ

લંડન, તા. 5(પીટીઆઈ): ભારતમાં છેતરપિંડી અને મની લોન્ડરિંગના આરોપોનો સામનો કરતા વોન્ટેડ ભાગેડુ હીરા વેપારી નીરવ મોદીને અન્ય કેદીઓ સાથે એક નાની જેલ કોટડીમાં સાથે રહેવાની ફરજ પડી છે, જ્યાં તેને તેના જરૂરી કાનૂની કાગળો પણ ઉપલબ્ધ થતા નથી એમ લંડનની હાઈકોર્ટને શુક્રવારે જણાવવામાં આવ્યું હતું. અંદાજિત 2 અબજ ડોલરના પંજાબ નેશનલ બેંક (PNB) લોન કૌભાંડના 54 વર્ષીય આરોપીને ઓક્ટોબરમાં દક્ષિણ લંડનના HMP થેમ્સાઈડથી HMP પેન્ટનવિલે ખસેડવામાં આવ્યો હતો જેથી તેને એક જુદા દેવાના કેસમાં કોર્ટમાં હાજર સરળતાથી કરી શકાય.

## ફરી ક્લાઉડફ્લેર આઉટેજ ઘણી સાઇટ્સ ખોટકાઇ

**ત્રણ** અઠવાડિયાથી ઓછા સમયમાં સર્વિસને અસર પાડતું ક્રેશ થતાં તપાસનો આદેશ

**આઉટેજથી** લિંક્ડઇન, ઝૂમ અને અન્ય સહિત અનેક વૈશ્વિક વેબસાઇટ્સ ડાઉન થઇ

મેડ્રિડ, તા. 05 (એપી) ઈન્ટરનેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની ક્લાઉડફ્લેરે આજે શુક્રવારે જણાવ્યું હતું કે તે સવારે થયેલા આઉટેજની તપાસ કરી રહી છે જેના કારણે લિંક્ડઈન, ઝૂમ અને અન્ય સહિત અનેક વૈશ્વિક વેબસાઈટ્સ ડાઉન થઈ ગઈ હતી, જે ત્રણ અઠવાડિયાથી ઓછા સમયમાં કંપનીને અસર કરનારી બીજી ક્રેશ છે.

ક્લાઉડફ્લેરે જણાવ્યું હતું કે આ સમસ્યા ઉકેલાઈ ગઈ છે, અને તે ક્લાઉડફ્લેર ડેશબોર્ડ અને સંબંધિત API''અથવા એપ્લિકેશન પ્રોગ્રામિંગ ઈન્ટરફેસ સાથેની સમસ્યાઓની તપાસ કરી રહી છે જે સોફ્ટવેર સિસ્ટમ્સને એકબીજા સાથે વાતચીત કરવાની મંજૂરી આપે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર વપરાશકર્તાઓએ પણ વેબસાઈટને એક્સેસ કરવામાં સમસ્યાઓની જાણ કરી હતી.

શુક્રવારે સવારે એડિનબર્ગ એરપોર્ટને થોડા સમય માટે બંધ કરવું પડ્યું હતું. પરંતુ એરપોર્ટે કહ્યું કે આઉટેજ એક સ્થાનિક સમસ્યા હતી જે ક્લાઉડફ્લેર દ્વારા આઉટેજ સાથે સંબંધિત નહોતી.




## ડાકોટા જહોન્સનના મુખે મહાકુંભમાં હાજરીનું સાંભળી ઐશ્વર્યા રાય નવાઇ પામી



જેદ્દાહ, તા. 05 : ઐશ્વર્યા રાય બચ્ચન રેડ સી ફિલ્મ ફેસ્ટિવલ 2025ના રેડ કાર્પેટ પર જોવા મળી હતી. જ્યાં તે અગ્રણી હોલીવુડ સેલિબ્રિટીઓ સાથે જોવા મળી હતી. તેણે અભિનેત્રી ડાકોટા જોહ્નસન સાથે પણ પોઝ આપ્યો હતો. આ બંનેએ મહા કુંભ મેળા વિશે ચર્ચા કરી હતી અને મીડિયા માટે પોઝ આપ્યા હતા. ડાકોટાએ પોતે મહાકુંભમાં હાજર રહી હોવાનું કહેતા ઐશ્વર્યાને નવાઇ લાગી હતી અને આશ્ચર્યસહ કહ્યું હતું કે વાહ, તું ત્યાં પણ ગઇ હતી, સરસ. સોશિયલ મીડિયા પર શેર થયેલા એક ફોટોમાં ઐશ્વર્યા અને ડાકોટાની સાથે જેસિકા આલ્બા અને જોમાના આર અલરશિદ પણ સામેલ હતી.

## બેંગ્લુરુના પબ બહાર શાહરૂખના પુત્ર આર્યને મજાકમાં ચાહકોને મિડલ ફિંગર બતાવી



બેંગલુરુ, તા. 05 : શાહરૂખ ખાનનો પુત્ર અને બેડ્સ ઓફ બોલિવૂડના દિગ્દર્શક આર્યન ખાન ફરી એકવાર મુશ્કેલીમાં મુકાયો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં બેંગલુરુના એક પબની બહાર તે ચાહકોને મિડલ ફિંગર બતાવતો દેખાય છે. જેના કારણે એક વકીલે તેની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જેમાં તેના પર અભદ્ર વર્તનનો આરોપ મૂકવામાં આવ્યો છે. વાયરલ વીડિયોમાં કન્નડ અભિનેતા ઝૈદ ખાન, અને કોંગ્રેસના નેતા મોહમ્મદ નાલાપડ સાથે બેંગલુરુના એક પબમાં પ્રવેશતી વખતે આર્યન શરૂઆતમાં, ખુશીથી ભીડ તરફ હાથ હલાવતો જોવા મળ્યો હતો. બાદમાં, તેણે હસતા ચહેરે મિડલ ફિંગર બતાવી હતી.

## વોર્નર બ્રધર્સ સ્ટુડિયો હસ્તગત કરવાની નેટફ્લિક્સની જાહેરાત

ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સે આજે શુક્રવારે વોર્નર બ્રધર્સ સ્ટુડિયોને 72 બિલિયન ડોલર અર્થાત અંદાજે રૂ. 6.47 લાખ કરોડમાં હસ્તગત કરવાની જાહેરાત કરી છે. આ સોદો મનોરંજન ઉદ્યોગમાં એક મોટું વિલીનીકરણ છે અને સ્ટ્રીમિંગ જાયન્ટે હરીફ કોમકાસ્ટ અને પેરામાઉન્ટ સ્કાયડાન્સને પાછળ છોડીને વોર્નર બ્રધર્સ માટે સફળ બોલી લગાવી હતી.

કંપનીના મતે, આ ખરીદી તેના કન્ટેન્ટને વધુ મજબૂત બનાવશે. નેટફ્લિક્સના સીઈઓ ટેડ સારાન્ડોસે જણાવ્યું હતું કે આ સોદો અમારા વિકાસને વેગ આપશે. વોર્નરની ફિલ્મો અને શો અમારી લાઈબ્રેરીનો ભાગ બનશે, જેનાથી યૂઝર્સને વધુ વિકલ્પો મળશે. ગુરુવારે કંપનીની બોર્ડ મીટિંગ બાદ આ જાહેરાત કરવામાં આવી હતી. આ ડીલ હેઠળ, નેટફ્લિક્સ વોર્નર બ્રધર્સ ડિસ્કવરી (WBD) ના ફિલ્મ અને ટીવી સ્ટુડિયો અને સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ (HBO Max અને HBO) ને જોડશે.

આ સોદો 72 બિલિયન ડોલરનો છે, જેમાં મોટાભાગની ચુકવણી રોકડમાં કરવામાં આવશે અને બાકીની ચુકવણી નેટફ્લિક્સના શેર દ્વારા કરવામાં આવશે. વોર્નર બ્રધર્સ ડિસ્કવરીની માલિકી ધરાવે છે, જે પહેલાથી જ ઘણા બોલી લગાવનારાઓની દોડમાં હતી. અહેવાલો સૂચવે છે કે


